નં.શા.આ.કા./ધ્યાન શિબિર/વિપશ્યના/૨૦૧૭
કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ ની કચેરી, (આરોગ્ય વિભાગ)
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૫/૧
ગાંધીનગર - ૩૮૨૦૧૦ ફોન નં. ૨૩૨૫૩૨૭૧
તા. ૧૯/૧૨/૨૦૧૭.

વિષયઃ ધ્યાન માટેની શિબિરમાં ભાગ લેવા ઇચ્છતા આરોગ્ય અધિકારી/ કર્મચારીઓને ફરજ ઉપર ગણવા બાબત

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે રાજયમાં આવેલી જાણીતી વિપશ્યના સંસ્થાઓ દ્વારા સંસ્થામાં તથા અન્ય જગ્યાએ વિપશ્યના ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ ધ્યાન શિબીરો માટે આરોગ્ય વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ ભાગ લઇ શકે તે માટે મંજુરી આપવામાં આવે તો તેઓના પ્રજા અને સાથી કર્મચારી /અધિકારી સાથેના તથા તેમના પરીવાર સાથેના વર્તનમાં હકારાત્મક પરીવર્તન થવાની સંભાવના રહેલી હોય તથા તેઓની વ્યવસાયિક અસરકારકતા ઉપર સકારાત્મક પ્રભાવ પડે તેમ હોઇ, નીચેની બાબતો પરીપૂર્ણ થતી હોય તો આવી શિબિરોમાં ભાગ લેવા ઇચ્છતા આરોગ્ય અધિકારી / કર્મચારીઓને ફરજ ઉપર ગણવા જણાવવામાં આવે છે.

(૧) જિલ્લા આરોગ્ય અધિકારી, વિભાગીય નાયબ નિયામક કચેરી, આરોગ્ય કમિશ્નરશ્રી કચેરીના અધિકારીઓ કે તેથી ઉપરના દરજ્જાના અધિકારીઓને આરોગ્ય સેવામાં બાધ ન આવે તે રીતે મોકલવાના રહેશે.
(૨) જે તે આરોગ્ય અધિકારી/કર્મચારી સ્વૈચ્છિક રીતે ભાગ લેવા ઇચ્છતા હોવા જોઇએ.
(3) સદર ધ્યાન શિબિર (તાલીમ) પુર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર મંજુર કરનાર અધિકારીને રજૂ કરવાનું રહેશે.
(૪) તાલીમ અધવચ્ચેથી છોડી દેવામાં આવે તો ઓન ડયુટી ગણવામાં આવશે નહી.

<u>રાજયમાં યોજાતી વિપશ્યના ધ્યાન શિબિરની માહિતી નીચે મુજબ છે.</u>

(૧) કચ્છ વિપશ્યના સેન્ટર
"ધમ્માસિંધુ" બાડા ગામ, તા.માંડવી, જિ.કચ્છ - ફોન નં. (૦૨૮૩૪) ૨૭૩૩૦૩ / ૨૭૩૬૧૨
Email : info@sindhu.dhamma.org

(૨) સૌરાષ્ટ્ર વિપશ્યના સેન્ટર
"ધમ્મા કોટા" C/O., રાજેશ મહેતા, ભાબાહ ગેસ્ટ હાઉસ, પંચનાથ રોડ, રાજકોટ
ફોન નં. (૦૨૮૧) ૨૨૨૦૮૬૧ – ૬૬ / ૨૭૮૨૦૪૦ / મો - ૦૯૩૨૭૯ ૨૩૫૪૦
Email : info@kota.sindhu.dhamma.org

(૩) ગુજરાત વિપશ્યના સેન્ટર
"ધમ્મા પીઠા" રાનોડા ગામ, તા.ધોળકા, જિ.અમદાવાદ - ફોન નં. (૦૨૭૧૪) ૨૯૪૬૯૦
Email : info@pitha.dhamma.org

(૪) નોર્થ ગુજરાત વિપશ્યના સેન્ટર
"ધમ્મા દિવાકારા" ઉપેન્દ્ર પટેલ, ૧૧, વિમલ સુપર માર્કેટ (અપના બજાર), બી.કે.રોડ, મહેસાણા - ફોન નં. (૦૨૭૬૨) ૨૭૨૮૦૦ / ૨૫૪૩૬૩૪ / મો - ૯૪૨૯૨ 33000
Email : info@Divakara.dhamma.org

(૫) મોગરા વિપશ્યના સેન્ટર
જ્યોતી લી. ની નજીક, એન.એચ. નં. ૮, મોગરા ગામ, જિ.અમદાવાદ
ફોન નં. (૦૨૬૯૭) ૨૩૪૧૧૮૧ / મો - ૯૮૨૫૦ ૨૮૦૫૭
Email : vvs4@hotmail.com

(૬) ધર્મજ વિપશ્યના સમિતિ
વિરાકતબ શર્મા, સ્ટેશન રોડ, ધર્મજ – ૩૮૮૪૩૦
ફોન નં. (૦૨૬૯૭) ૨૩૪૧૧૮૧ / મો - ૯૮૨૫૦ ૨૮૦૫૭
Email : vvs4@hotmail.com

માન.કમિશ્નરશ્રી (આરોગ્ય) ની તા.૧૩-૧૨-૧૭ ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે.

અધિક નિયામક (આરોગ્ય)
ગાંધીનગર.

પ્રતિ,
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લી., ગાંધીનગર.
- મિશન ડાયરેકટરશ્રી, એન.એચ.એમ., મજકુર કચેરી, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (આરોગ્ય / પરીવાર કલ્યાણ / તબીબી સેવા / તબીબી શિક્ષણ / આંકડા)
- નિયામકશ્રી, રાજય આરોગ્ય અને પરીવાર કલ્યાણ તાલીમ સંસ્થાન, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી, પ્રોજેકટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ, સિ. હો. કેમ્પસ, ગાંધીનગર.
- પ્રોગ્રામ ઓફિસરશ્રી (તમામ), મજકુર કચેરી, ગાંધીનગર.
- ડીનશ્રી, મેડીકલ કોલેજ (તમામ)
- મેડીકલ સુપ્રિન્ટેડેન્ટશ્રી, મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ (તમામ)
- વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત (તમામ)
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જનશ્રી, જનરલ હોસ્પિટલ (તમામ)

<u>નકલ સવિનય રવાના:</u>
માન. અધિક મુખ્ય સચિવશ્રી (ત.સે./ત.શિ.), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.